# જન સેવા એજ પ્રભુ સેવા



સમ્રાટ ધર્મવીર નામે એક રાજા હતો. આ રાજા ધર્મવીર કલાના અને વિદ્યાના ખૂબ જ શોખીન હતા. રાજા ધર્મવીર કલાને બહુ માન આપતા આથી તે પોતાના રાજ્યના સારા કલાકારો અને હોંશીયાર અને ચતૂર નાગરિકોને બહુ જ માન આપતાં અને ઈનામ આપી તેમનું બહુમાન કરતાં. રાજાના દરબારમાં શેરસિંહ નામે તેમનો માનીતો અને ખૂબ જ ચતૂર પ્રધાન હતો. તે રાજાનો સૌથી વિશ્વાસુ અને કાબેલ દરબારી હતો.

સમ્રાટ ધર્મવીર રાજયમાં સુકર્મ નામે એક માણસ હતો. તે ખૂબ જ ચતુર અને હોંશીયાર હતો. તે જનસેવાને ખૂબ જ માન આપતો. સુકર્મને ગરીબ અને લાચાર વ્યક્તિઓ પ્રત્યે ખૂબ જ હમદર્દી હતી. સુકર્મને એક બાબતે ખૂબ જ દુ:ખ હતું, કે રાજા ધર્મવીરનું ધ્યાન રાજ્યની ગરીબ પ્રજા પર જતું ન હતું. સુકર્મને રાજા સામે દરબારમાં આ બાબત રજૂ કરવાની તક પણ નહોતી મળતી.

એક દિવસની વાત છે, રાજા ધર્મવીરને એવી ઈચ્છા થઈ કે, “આપણા રાજ્યમાં સૌથી સમજુ અને જ્ઞાની માણસ શોધવો જોઈએ.” રાજા ધર્મવીર બીજા જ દિવસે દરબારમાં જાહેરાત કરે છે અને આખા રાજ્યમાં સંદેશો ફેલાવે છે કે, “જે કોઈ વ્યક્તિ પોતાને સમજૂ અને જ્ઞાની માનતો હોય, તે દરબારમાં આવે અને પરિક્ષા ઉત્તિર્ણ કરી ઈનામનો હકદાર બને.” ઈનામની લાલચમાં અનેક લોકો દરબારમાં આવી પહોંચે છે. રાજા ધર્મવીર આવેલા નાગરિકોમાંથી સમજૂ અને જ્ઞાની માણસ નક્કી કરવાનું કામ તેમના માનીતા અને ચતુર પ્રધાન શેરસિંહને સોંપે છે. શેરસિંહ ખૂબ જ ચાલાક હતો તેથી તેનું નામ સાંભળતાં જ અનેક લોકો આ સ્પર્ધામાંથી નીકળી ગયાં. ત્યારબાદ ત્રણ વ્યક્તિઓ આ સ્પર્ધામાં હિંમતથી ભાગ લે છે. તેમાંનો એક સુકર્મ હોય છે અને તેને રાજા સામે પોતાના વિચારો વ્યક્ત કરવાની સારી તક મળી રહેશે તેવું તે વિચારે છે.

શેરસિંહ ત્રણેય વ્યક્તિઓને બીજા દિવસે દરબારમાં બોલાવે છે અને કહે છે, “તમે ત્રણેય અલગ અલગ દિશામાં જાવ અને એક મહિના પછી પરત આવો. તમારે એક મહિના પછી કંઈક પ્રાપ્ત કરીને આવવું. ” ત્રણેય વ્યક્તિઓ અલગ અલગ દિશામાં જાય છે. સુકર્મ પણ ઉત્તર દિશામાં જાય છે. સમય પસાર થતાં એક મહિના બાદ ત્રણેય પરત ફરે છે. રાજા દરબાર ભરે છે. બધાં જ ગ્રામજનો ભેગા થાય છે. શેરસિંહ રાજાની અનુમતિ માંગે છે અને પહેલાં વ્યક્તિને પૂછે છે, “બોલ તે શું પ્રાપ્ત કર્યું છે ?”

પહેલો ઉત્તર આપે છે, "મેં સંગીતમાં પારંગતતા મેળવી છે. " બીજો કહે, "હું ચિત્રકાર બન્યો છું અને સુંદર ચિત્રકલા પ્રાપ્ત કરી છે. " અંતે સુકર્મને પૂછવામાં આવે છે અને સુકર્મ ઉત્તર આપતા જણાવે છે, "મેં ઉત્તરમાં આવેલા ભાલ વિસ્તારનાં દુ:ખી અને લાચાર માણસોની સેવા કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. તેમનો સ્નેહ પ્રાપ્ત કર્યો છે અને બહાર મને પાછો લઈ જવા માટે આવેલા લોકો આ વાતનું પ્રમાણ છે. મહારાજ ! જનસેવા એજ પ્રભુસેવા છે, જે મનુષ્ય લોકોની સેવા કરે છે, તે તેના શરીરની નહીં પરંતુ તેમાં રહેલા પ્રાણતત્વની સેવા કરે છે અને તેજ પરમતત્વ ઈશ્વરનું રૂપ છે, તેનો અંશ છે. તેને પ્રાપ્ત કર્યા બાદ કંઈ જ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. " શેરસિંહ સુકર્મને સૌથી સમજૂ અને જ્ઞાની વ્યક્તિ જાહેર કરે છે. રાજા ખુશ થઈને તેને ઈનામમાં સોનામહોર ભેટ આપે છે. પરંતું સુકર્મ તે સ્વીકારતો નથી.

અંતે સુકર્મ કહે છે, "હે મહારાજ ! હું ઈનામની કોઈ લાલચે આ સ્પર્ધામાં જોડાયો નથી, હું તો ફક્ત મારો સંદેશ તમારા સુધી પહોંચાડવાનો એક માર્ગ શોધતો હતો. આપણાં રાજ્યમાં ઘણા જ ગરીબ અને લાચાર વ્યક્તિઓ છે, તેમનું કલ્યાણ કરો તે જ મારું ઈનામ છે !" સુકર્મ ખુશ થાય છે અને ત્યારથી રાજા રાજ્યના તમામ ગરીબ અને લાચાર લોકોના કલ્યાણની સઘળી જવાબદારી સુકર્મને સોંપી પોતાનો દરબારી બનાવે છે.

લેખક : શર્મા હાર્દિકકુમાર કનુભાઈ